GJAR050003632019

प्राप्ति तारीख :०९/०७/२०१९
नोंध्या तारीख :०९/०७/२०१९
फेंसल तारीख :३१/०७/२०२६
समयगाळो :<u>वर्ष</u> <u>मास</u> <u>दिवस</u>
०७ ०० २२

---

**માલપુરનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માલપુર.**

---

**ફોજદારી કેસ નં. ૩૧૬/૨૦૧૯**
**આંક– ૬૮**

---

**<u>FORM-A</u>**

| **માલપુરનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માલપુર.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૩૧/૦૭/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | ૩૧૬/૨૦૧૯ |
| **ગુનાની કલમ** | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ : ૧૩૫ મુજબ |
| **ગુના રજી.નં.** | -- |
| **ફરિયાદી** | ભુરસિંહ રણજીતસિંહ રાઠોડ, રહે.મંગળપુર,તા.માલપુર, જી.અરવલ્લી. |
| **ફરિયાદ પક્ષે** | વિ.વ.શ્રી.એન.આર.વાઘેલા |
| **આરોપી** | નાસિરહુસૈન અબ્દુલ હમિદ શેખ, રહે: દિલખુશ મટન & ચીકન શોપ સુતરના કારખાના પાસે, નરોડા રેલ્વે ક્રોસીંગ રોડ, અમદાવાદ. |
| **બચાવ પક્ષે** | વિ.વ.શ્રી.એ.જે.શેખાવત |

JMFC MALPUR

**FORM–B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | -- |
| એફ.આઇ.આર.ની તારીખ | -- |
| પ્લી/ તહોમતનામું ઘડયા તારીખ | ૦૨.૧૨.૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૭.૦૨.૨૦૨૩ |
| ચુકાદા પર રાખ્યા તારીખ | ૦૧.૦૭.૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૩૧.૦૭.૨૦૨૬ |
| સજાનાં હુકમની તારીખ,જો હોય તો | ૩૧.૦૭.૨૦૨૬ |

**<u>આરોપીની વિગતો</u>**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન ઉપર મુકત કર્યા તારીખ** | **આક્ષેપિત ગુના** | **છોડી મુકેલ છે કે સજા કરેલ છે** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં ની કલમ–૪૨૮ ના હેતુ માટે** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નાસિરહુસૈન અબ્દુલ હમિદ શેખ | –– | – | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ : ૧૩૫ મુજબ | સજા કરેલ છે | આખરી હુકમ મુજબ | – |

JMFC MALPUR

## FORM–C

**– ફરિયાદી/બચાવપક્ષ/ કોર્ટનાં સાક્ષીઓની યાદી–**

**એ ફરિયાદ પક્ષ:–**

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ભુરસિંહ રણજીતસિંહ રાઠોડનું સરતપાસનું સોગંદનામુ | ફરીયાદી આંક-૦૪ |

(બી) **ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | અલ્હાબાદ બેન્ક,અમદાવાદ નરોડા શાખાનો ચેક |
| ૨ | ૧૭ | ચેક બેન્કમાં રજૂ કરેલ તેનું પાર્ટફોલિયો |
| ૩ | ૧૮ | બેન્કમાંથી મળેલ FUNDS INSUFFICIENT ના શેરાવાળો ચેક રીટર્ન મેમો |
| ૪ | ૧૯ | નોટીસની સ્થળપ્રત નકલ |
| ૫ | ૨૦ | નોટીસની આર.પી.એ.ડી. કર્યા અંગેની પો.સ્ટ ની રસીદ |
| ૬ | ૨૧ | પો.સ્ટની એકનોલેજમેન્ટ પ્રીન્ટઆઉટ |

**(બી).બચાવપક્ષ તરફે મૌખિક પુરાવો :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૩ | દેવીલાલ નીમારામ પરીહારની જુબાની |

**બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૪ | આરોપીના ખાતાનું રેકર્ડ |

JMFC MALPUR

**-:ઠરાવ:-**

**(૧.૦) ફરિયાદ પક્ષની ટૂંકમાં વિગતો એવી છે કે,** આ કામે ફરીયાદી મોજે મંગળપુર,તા.માલપુર જી.અરવલ્લીના રહીશ છે અને ખેતી તથા નોકરી કરી તેમનું તથા તેમના પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. સદરહું આરોપી ફરીયાદીનાં મિત્ર હોય આરોપીએ ફરીયાદી પાસે તેની અંગત જરૂરિયાત માટે હાથ ઉછીના રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની માંગણી કરેલી. જેથી ફરીયાદીએ તેની ખેતીની આવક તથા અંગત બચતમાંથી સદરહું આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) હાથ ઉછીના આપેલા.ત્યારબાદ આરોપીએ ફરીયાદીને એવો વિશ્વાસ આપેલ કે સદર રકમ બાર માસની અંદર પાછી આપી દઈશું. ત્યારબાદ ફરિયાદીએ બાર માસ પુરા થતાં નાણાં માટે ઉઘરાણી કરી, વારંવાર ઉઘરાણી કરવા છતાં પણ લીધેલાં નાણાં ફરિયાદીને ન આપતા ફરિયાદીએ નાણાં માટે કડક ઉઘરાણી કરતાં સદરહું આરોપીએ ફરિયાદીને નાણાં ન આપતાં, નાણાંની જવાબદારી સ્વીકારી ફરિયાદીને સદરહુ હાથ ઉછીના નાણાં પરત ચુકવવા માટે રૂ. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)નો તા.૨૦/૦૪/૨૦૧૯ નો "૨૬૪૨૭૦" નંબરનો ચેક અલ્હાબાદ બેંક, અમદાવાદ નરોડા શાખાના એકાઉન્ટ પે ચેક ખાતા નંબર "૫૦૦૧૫૦૭૯૫૧૮" નો આપેલ અને ફરિયાદીને એવો વિશ્વાસ તથા ભરોસો આપેલ કે સદરહુ ચેકની લખી તારીખે અથવા તે પછી ગમે ત્યારે ઉપરોક્ત ચેક બેંકમાં રજુ કરશો તો ચેકના નાણાં મળી જશે. જેથી ફરિયાદીએ રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)નો ચેક તા.૨૫/૦૪/૨૦૧૯ ના રોજ ધી સાબરકાંઠા ડી.સેન્ટ્રલ કો-ઓપ બેંક લિ. માલપુર શાખામાં રજૂ કરેલ. જે ચેક સદરહું આરોપીના ખાતાવાળી બેંકમાં કલીયરન્સ માટે જતાં એકાઉન્ટમાં ચેક કલીયર થાય તેટલું ફંડ ના હોવાના કારણે "ફંડ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે તા. ૨૬/૦૪/૨૦૧૯ ના રોજ પરત મળેલ છે.

JMFC MALPUR

જેની જાણ ફરીયાદીને બેંક દ્વારા તા. ૨૬/૦૪/૨૦૧૯ ના રોજ થયેલ. જેથી સદર ચેકની લેણી થતી ચેકની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ફરીયાદીને મળેલ નહી. જેથી સદરહુ ચેક અપુરતા ફંડનાં કારણે પરત ફરતા ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ રજી. એડી. દ્વારા નોટીસ આપેલી જે નોટીસ તા. ૨૮/૦૫/૨૦૧૯ રોજના આરોપીને બજી ગયેલ. આમ, આરોપીને નોટીસની કાયદેસરની બજવણી થઈ ગઈ હોવા છતાં નોટીસનો કાયદેસરનો સમય વિતવા છતાંય આજદિન સુધી ફરીયાદીને તેની લેણી થતી રકમ રૂા. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) વસુલ આપેલ નથી.આમ,આરોપીએ જાણી જોઇને ફરીયાદીને છેતરવાના ઈરાદાથી તેના ખાતામાં બેલેન્સ નથી તેમ જાણતા હોવા છતાં ફરીયાદીને ચેક આપી છેતરપિંડી કરેલી છે. જેથી આ ફરીયાદ આપ ના. કોર્ટમાં દાખલ કરવાની જરૂરત ઉપસ્થિત થયેલ છે.આમ, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય ધારાધોરણસર થવા તથા યોગ્ય હુકમ કરવા હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

JMFC MALPUR

**<u>આરોપીની પ્લી બાબતે:</u>**

**(૨.૦)** આરોપીને સમન્સની બજવણી થઇ જતા, આરોપી અદાલત સમક્ષ હાજર થતા, તેને ફરિયાદ તથા તેની સાથે રજૂ તમામ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ, આરોપીની પ્લી નોંધવામાં આવતા, તેમા આરોપીએ **આંક: ૧૫** થી ગુનાનો ઈન્કાર કરેલો.

**<u>કેસની કાર્યવાહીનો સ્વરૂપ</u>**

**(૩.૦)** વટાવખત અધિનિયમની એકટની કલમ–૧૪૩ મુજબ આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે એટલે કે, આ કેસની કાર્યવાહી સંહિતાના પ્રકરણ–૨૧ કલમ ૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે

અને કેસની કાર્યવાહી યોગ્ય પદ્ધતિથી અને લંબાણપૂર્વક પુરાવો લેવા આરોપીની **આંક–૧૫** થી પ્લી રેકોર્ડ કરવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવેલો છે તેને ધ્યાને લેતાં તે લંબાણપૂર્વક નોંધવામાં આવેલો છે આમ, હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ તરીકે ચલાવેલ છે. ફરિયાદી, બચાવપક્ષ તર્ફે ઉપરોક્ત ફોર્મ – સી મા દર્શાવ્યા મુજબના લેખિત અને મૌખિક પુરાવા રજુ થયેલા છે.

**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન</u>**

**(૪.૦)** ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં તેમની રૂબરૂમાં ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલો, તે સિવાયના પ્રશ્નોના જવાબમાં ખોટી વાત છે, તેઓને નોટીસ આપેલ નથી.તેઓ કશુ જાણતા નથી જણાવેલ છે, વિશેષમાં કાંઈ કહેવું છે તે સંદર્ભે જણાવેલ છે કે," તેઓએ કોઇ ચેક આપેલ નથી કે કોઇ નાણા લીધેલ નથી. અમોને ગુન્હો કબુલ નથી, અમો ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માગીએ છીએ.''

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

**(૫.૦)** ઉપરોક્ત હકીકતો સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- મુદ્દા નં.૧ – શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આંક–૧૬ વાળા ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરિયાદીને આપેલ છે ?
- મુદ્દા નં.૨ – શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

JMFC MALPUR

- મુદ્દા નં.૩ – શું હુકમ ?

(૬.૦) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં.૧ – ''હકારમાં.''
- મુદ્દા નં.૨ – ''હકારમાં''
- મુદ્દા નં.૩ – આખરી હુકમ મુજબ.

(૭.૦) ફરિયાદી તરફે વિ.વ.શ્રી.એન.આર.વાઘેલા દ્વારા મૌખિક દલીલો તેમજ આંક:૫૭ થી લેખીત દલીલો કરેલ છે તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એ.જે.શેખાવત એ મૌખિક દલીલ કરેલ છે જે ધ્યાને લીધી.

**–:: કારણો ::–**

(૮.૦) મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપવામાં આવેલા છે. મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન ન થાય અને એકબીજાને પરસ્પર સંકળાયેલ હોય તે હેતુથી એક સાથે કરવામાં આવે છે. વધુમાં ચર્ચા કરીએ તો, ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે કે કેમ તે અંગેના કારણો જોતાં સદર ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

| | | |
|---|---|---|
| 1 | Presentation | ૨૦.૦૪.૨૦૧૯ |
| 2 | Intimation of dishonor | ૨૬.૦૪.૨૦૧૯ |
| 3 | Notice issued | ૨૪.૦૫.૨૦૧૯ |
| 4 | Notice served / Presumption | ૨૮.૦૫.૨૦૧૯ |
| 5 | Filing Complaint | ૦૯.૦૭.૨૦૧૯ |

JMFC MALPUR

**કોર્ટની હકુમત અંગે**

**(૯.૦)** આ કામે ફરિયાદીની બેન્ક માલપુર મુકામે આવેલ છે આમ સદર ફરિયાદને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ આ કોર્ટને ફરિયાદ ચલાવવાની સત્તા છે.

**પુરાવાના બોજા વિશે**

**(૧૦.૦)** એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ વંચાણે લેતા તેમાં પણ "જ્યાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ ચુકવણી માટે ચેક આપેલો હતો"

આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યક્તિ વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યક્તિ પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યક્તિને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોક્ત નોંધેલ કલમ–**૧૧૮, ૧૩૯ અને ૨૦** અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરિયાદી

JMFC MALPUR

વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનું માનવાને સબળ કારણ રહે છે. એ ખરૂ છે કે, કાનૂની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને જો વિરૂધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતું નથી. આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે. આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોક્કસ અનુમાનો છે અને આરોપી તરફથી જ્યાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી. સર્વોચ્ચ અદાલત દ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી,ફરિયાદપક્ષે જ પુરાવો રજૂ કરેલો છે તેના દ્વારા પણ તે કરી શકે છે અને આરોપી દ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શક્ય પુરાવો આપવો જ જરૂરી છે.

**(૧૧.૦) આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

**૧.** કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨. ચેકના લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

JMFC MALPUR

૩. ચેક લખ્યા તારીખથી ૩ માસની સમયમર્યાદામાં ક્લીયર થવા માટે બેન્કમાં રજૂ થયેલ હોવો જોઈએ.

૪. ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

૫. નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવી જોઈએ.

૬. દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

JMFC MALPUR

આમ, ઉપરોક્ત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવે છે કે , તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુક્ત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આમ, આ કામે **આંક–૧૬** નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુક્ત થવા માટે આરોપીએ ફરિયાદીને આપેલ છે અને આ દેવું કે જવાબદારી કાયદેસરની છે અને તેનો કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેવો છે તેવું કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરશે. આનાથી વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ **આંક–૧૬** નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને

કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે. આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશા ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા દ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે. પરંતુ કલમ – ૧૧૮ અને કલમ ૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરૂધ્ધ ત્યારે જ ઉપર કહ્યા મુજબ અનુમાન કરી શકે છે કે જ્યારે ફરિયાદીની ફરિયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પાલન કરેલ હોવું જોઈએ.

**(૧૨.૦)** આ કામના ફરિયાદી નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદીના શિરે છે. જેથી આ કામના ફરિયાદીએ **આંક–૦૪** થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ પોતાની આંક–૦૧ વાળી ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલ છે અને આંક: ૦૩ થી પુરાવા લીસ્ટ તથા આંક: ૧૬ થી ૨૧ સુધીના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને સમર્થન કરેલ છે.

**સદર ફરીયાદીએ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,** તેઓ ઓલ્ડ એસ.એસ.સી. પાસ છે. તેઓએ આંક–૪ વાળું સરતપાસનું સોગંદનામું અદાલતમાં રજૂ કરેલ ત્યારે તેઓ ખેતી કરતા હતા. તેઓ



JMFC MALPUR

આરોપીને સને–૧૯૮૭ થી ઓળખતા હતા. તેઓને આરોપી નાસીર હુશેનનું આખું નામ ખબર નથી. આરોપી નાસીરહુશેનને એક પત્ની અને બે બાળકો છે અને એક દીકરી પણ છે તેવું તેઓ જાણે છે. તેઓ આરોપીના ઘરે ગયેલા છે. તેઓ આરોપીના ઘરે ગયા ત્યારે તેનું ઘર મદની પાર્ક, રામોલ મુકામે આરોપી રહેતો હતો. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં, તેમના સરતપાસના સોગંદનામામાં અને આરોપીને આપેલ વૈધાનિક નોટીસમાં આરોપીએ કઈ તારીખે કયા સમયે અને કયા વર્ષમાં નાણાંની માંગણી કરેલ તે જણાવેલું નથી. એ વાત ખરી છે કે, તેઓ ખેતીની આવક ધરાવે છે કે, જમીન ધરાવે છે તે સંબંધે કોઈ પુરાવો હાલના કામે રજૂ રાખેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં, તેમના સરતપાસના સોગંદનામામાં અને આરોપીને આપેલ વૈધાનિક નોટીસમાં આરોપીને કઈ તારીખે કયા સમયે અને કયા વર્ષમાં નાણાં આપેલાં તેવું ચોક્કસ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ કોની હાજરીમાં આરોપીને નાણાં આપેલ તેવું પણ જણાવેલ નથી. તેઓ સને–૨૦૧૬માં નિવૃત્ત હતા. તેઓ તા.૩૧.૦૭.૨૦૧૨માં નિવૃત્ત થયેલ છે. તેઓને સને–૨૦૧૬માં આશરે રૂ.૨૦,૦૦૦/–ની આસપાસ પેન્શન આવતું હતું. તેઓના પરીવારમાં તેમના બે સંતાનો તથા તેમની પત્નીઓ અને તેઓની પત્ની એ રીતેના પરીવારના સભ્યો છે. તેઓને અમદાવાદ તેમજ મંગળપુર મુકામે એમ કુલ બે મકાનો છે. તેઓને સને–૨૦૧૬માં કોઈપણ મકાનો ઉપર લોન ચાલતી ન હતી. તેઓના નામે એક ટુ વ્હીલર છે અને તેની ઉપર કોઈ લોન ચાલતી ન હતી. આરોપીને તેઓએ કોઈની હાજરીમાં નાણાં આપેલાં નથી. તેઓ સને–૨૦૧૬માં ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા હતા. તેઓએ આરોપીને જે રકમ આપેલ તે સને–૨૦૧૬ના ઈન્કમટેક્ષ રીર્ટનમાં બતાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં, તેમના સરતપાસના સોગંદનામામાં અને આરોપીને આપેલ વૈધાનિક નોટીસમાં આરોપીને ત્રણ વર્ષ અગાઉ નાણાં આપેલાં તેવું જણાવેલ છે. તેઓએ ફરીયાદ

JMFC MALPUR

કરી તેના ત્રણ વર્ષ અગાઉ આરોપી મટનની દુકાન ચલાવતા હતા અને તે સમયે તેની આર્થિક સ્થિતિ નબળી હતી. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં, તેમના સરતપાસના સોગંદનામામાં અને આરોપીને આપેલ વૈધાનિક નોટીસમાં જણાવ્યા મુજબ આરોપીને નાણાં આપ્યાના બાર માસ બાદ ઉઘરાણી કરતાં આરોપીએ તકરારી ચેક આપેલ છે. એ વાત ખરી છે કે, તેઓ અમદાવાદમાં તેમની પડોશમાં રહેતા મહેન્દ્રભાઈ પટેલનાઓને ઓળખે છે. એ વાત ખરી છે કે, તેઓ જ્યારે નોકરી કરતા હતા ત્યારે અમદાવાદ મુકામે રહેતા હતા અને ત્યારબાદ તેઓ મંગળપુર મુકામે રહેતા હતા. મહેન્દ્રભાઈ પટેલ જે તે વખતે વ્યાજ વટાવનો ધંધો કરતા હતા કે કેમ તેની તેઓને ખબર નથી. તેઓ અને મહેન્દ્રભાઈ પટેલ પડોશમાં રહેતા હોઈ પડોશી મિત્ર થઈએ છીએ. મહેન્દ્રભાઈ પટેલ અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહાર થતા હોવાની તેઓને ખબર નથી. આ કામના આરોપીએ મહેન્દ્રભાઈ પટેલ પાસેથી રૂા.૨૦,૦૦૦/– સને–૨૦૧૫ માં પાંચ ટકાના વ્યાજે લીધેલાની હકીકતની તથા તે સમયે મહેન્દ્રભાઈ પટેલે આરોપી પાસેથી માત્ર સહી કરેલો કોરો ચેક લીધેલો તે હકીકતની તેમજ મહેન્દ્રભાઈ પટેલ પાસેથી લીધેલ રૂા.૨૦,૦૦૦/–ની રકમ આરોપીએ ચુકવી દીધેલ છે પણ મહેન્દ્રભાઈ પટેલે આ કામના આરોપીને ચેક પરત કરેલ નથી તેવી હકીકતની તેઓને ખબર નથી. એ વાત ખરી નથી કે, મહેન્દ્રભાઈ પટેલ અને આરોપી વચ્ચેના સંબંધ ખરાબ થતાં મહેન્દ્રભાઈ પટેલ પાસેથી તેઓએ ચેક મેળવી ચેકનો ખોટો દુરુપયોગ કરેલ છે. સને–૨૦૧૭ પછી આર.બી.આઈની ગાઈડલાઈન મુજબ બારકોડવાળો ચેક દરેક બેંકોમાં અમલમાં આવેલ અને નવા ચેકોમાં સ્કેન કોડ તથા તે બેંકોનો આઈ.એફ.સી. કોડ પણ છાપવામાં આવેલ તે હકીકતની તેઓને  ખબર નથી. એ વાત ખરી છે કે, આંક–૧૬ વાળા તકરારી ચેકમાં તારીખ, નામ અને રકમની વિગતો તેઓએ તેમના હસ્તાક્ષરમાં ભરેલ છે. એ વાત ખરી છે કે, આંક–૧૯ વાળી વૈધાનિક નોટીસમાં તેઓએ સહી કરેલ

JMFC MALPUR

નથી. એ વાત ખરી નથી કે, આંક–૧૯ની નોટીસમાં લખેલ હકીકતોની તેઓને જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, આંક–૧૯ ની વૈધાનિક નોટીસ વકીલશ્રીએ રજી.એડી કરેલી. એ વાત ખરી છે કે, આરોપીએ વૈધાનિક નોટીસ સ્વીકારીને સહી કરેલ હોય તેવો કોઈ પુરાવો હાલના કામે રજૂ નથી. એ વાત ખરી નથી કે, આરોપીને વૈધાનિક નોટીસ ક્યારેય મળેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીને વૈધાનિક નોટીસ મળેલ ના હોઈ તેઓની વિરૂદ્ધ કે તેમના મિત્ર મહેન્દ્રભાઈ પટેલ વિરૂદ્ધ તકરારી ચેક પરત મેળવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી કે ચેકનો ખોટો દુરુપયોગ કરવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ કોઈ તકરારી ચેક આપેલ નથી કે આરોપીએ કોઈ નાણાં લીધેલ નથી. એ વાત ખરી નથી કે, આજરોજ નામદાર કોર્ટમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપી છે.

(૧૩.૦) **ત્યારબાદ આરોપી પક્ષ તરફે બચાવ રજૂ કરવા આંક:૪૩ સાહેદ દેવીલાલ નીમારામ પરીહાર, આસીસ્ટંટ મેનેજર**– ઈન્ડિયન બેન્ક નરોડા,અમદાવાદનાઓની સોગંદ ઉપર સરતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૧૯ થી ઈન્ડિયન બેંક નરોડા શાખામાં આસીસ્ટંટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. નામ.કોર્ટ ધ્વારા ક્રિ.કે.નં.૩૧૬/૨૦૧૯ ના કામે આરોપી નાસીરહુસેન અબ્દુલહમીદ શેખના સેવીંગ એકાઉન્ટમાં કયારે કયારે ચેકબુક ઈસ્યુ કરવામાં આવેલ તે અંગેની તથા સમન્સમાં જણાવ્યા મુજબની માહીતી સાથે હાજર રહેવા અંગેનો સમન્સ મળતા તેઓ આજરોજ નામ.કોર્ટમાં સમન્સમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો સાથે હાજર રહેલ છે.આ કામે નાસીરહુસેન અબ્દુલહમીદ શેખનુ સેવીંગ્સ ખાતુ એકાઉન્ટ નંબર ૫૦૦૧૫૦૭૯૫૧૮નો અગાઉ ૨૦૦૯ માં અલ્હાબાદ બેંક નરોડા શાખામાં ખોલાવેલ હતુ,ત્યારબાદ સને.૨૦૨૦ માં અલ્હાબાદ બેંકનુ ઈન્ડિયન બેંકમાં



JMFC MALPUR

મર્જર થતા અલ્હાબાદ બેંકના તમામ ખાતા તથા તમામ બ્રાન્ચ ઈન્ડિયન બેંકમાં મર્જ થતા સદર બ્રાન્ચ હાલ ઈન્ડિયન બેંક નરોડા શાખા તરીકે કાર્યરત છે અને હાલના ખાતાનુ તમામ રેકોર્ડ પણ આ બ્રાન્ચમાં નિભાવેલ હોય જેની માહીતી લઈને આવેલ છે. જે અંગેની માહીતી આજરોજ બ્રાન્ચ મેનેજરના સહી સીકકા સાથે પત્રથી રજુ કરે છે. જે માહીતી દર્શાવતુ અસલપત્રને રજુ દાખલ આંક-૪૪ આપવામાં આવે છે.તેમજ તેની સાથે આરોપીનુ એકાઉન્ટ ઓપનીંગ ફોર્મની ઝેરોક્ષ, પાનકાર્ડની ઝેરોક્ષ, લાઈસન્સની ઝેરોક્ષ, ઈલેકસીટી બીલની ઝેરોક્ષ, તથા બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ લાવેલ છે જે રજૂ કરે છે. જે તમામ નકલો ધ્યાને લેતા તમામ નકલો ઝેરોક્ષ નકલ હોય તેમજ તેના ઉપર બેંકના કોઈ પણ અધિકૃત વ્યક્તીનો કોઈ સહી સીક્કો ના હોય જેને આ કામે માર્ક-એ થી ઈ સુધી આપવામાં આવે છે.સદર ખાતા આરોપીને તેઓની બ્રાન્ચમાંથી તા. ૨૫/૧૧/૧૩ ના રોજ ચેકબુક ચેક નં.૨૬૪૨૬૧ થી ૨૬૪૨૮૦,તા. ૨૨/૦૭/૧૫ ના રોજ ચેકબુક ચેક નં.૨૧૪૪૬ થી ૨૧૪૬૫, તા.૦૧/૧૦/૧૬ ના રોજ ચેકબુક ચેક નં.૫૪૨૨૬ થી ૫૪૨૪૫,તા.૦૪/૧૧/૧૭ ના રોજ ચેકબુક ચેક નં.૮૩૭૪૬૧ થી ૮૩૭૪૮૦,ની ઈસ્યુ કરવામાં આવેલ હતી.તેમજ હાલ સદર ખાતુ તેમની બ્રાન્ચમાં "ઈન ઓપરેટીવ" ખાતા તરીકે ચાલે છે.આ કામે આંક-૧૬ થી રજુ થયેલ ચેક માઈકર ચેક છે.

**(૧૩.૧) આંક:૪૩ ના સાહેદે તેઓની ફરીયાદપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે, આ કામે ચેકબુક ઈસ્યુ થયા બાદ તે ચેક ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય.એ વાત ખરી છે કે, નોન સીટીએસ ચેક સને ૨૦૨૦ સુધી અમલમાં હતો.એ વાત ખરી છે કે, નોનસીટીએસ ચેક રદ

JMFC MALPUR

થયા બાદ જો તે ભરવામાં આવે તો તેમાં રીર્ટન થવાના કારણોમાં નોનયુઝેબલ ચેકના શેરા સાથે પરત થાય છે.

**(૧૪.૦)** આ કામે ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજ જોતાં અને ફરિયાદની હકીકત મુજબ સમયમર્યાદામાં ફરિયાદ રજૂ કરેલ છે .આ કામના ફરિયાદીએ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ પ્રમાણેની તમામ ટેકનીકાલીટીસનું પાલન કરેલ હોય તેવું ફલિત થાય છે. વધુમાં ચર્ચા કરૂ તો, આ કામે આરોપીએ અસલ ચેકમા પોતાની સહી નહી હોવાનો કોઈ બચાવ લીધેલ નથી જેથી સદરહુ આંક-૧૬ વાળા તકરારી ચેકમા આરોપીએ સહિ કરેલ હોવાનુ ફલીત થાય છે. આરોપી તર્ફે ચેકના એકઝુકયુશન તથા ચેકના સહી અંગે કોઈ તકરાર લીધેલ ના હોય નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ મુજબ કલમ- ૧૩૯ મુજબનુ કાયદાકીય અનુમાન ફરિયાદીની તરફેણમાં જાય છે, ત્યારબાદ આરોપીએ પુરવાર કરવુ પડે કે સદર તકરારી ચેકનો દુરઉપયોગ ફરિયાદીએ કરેલ છે.

**(૧૫.૧) આરોપી તર્ફે બચાવ રજૂ કરેલ છે તે જોઈએ તો નીચે મુજબ છે.**

(૧) સદરહુ તકરારી ચેક સને ૨૦૧૩,૨૦૧૫,૨૦૧૬,૨૦૧૭ માં ઈસ્યુ કરવામા આવેલ હોય તેનો દુરઉપયોગ કરવામા આવેલ હોય સદરહું સમયમર્યાદા બહારનું હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આરોપીએ મહેન્દ્રભાઇ પાસેથી ૨૦,૦૦૦/- સને ૨૦૧૫ માં ૫ ટકાના વ્યાજે લીધેલા અને મહેન્દ્રભાઇ પટેલે આરોપી પાસેથી માત્ર સહી કરેલો કોરો ચેક લીધેલ ત્યારબાદ આરોપીએ મહેન્દ્રભાઇને તે રકમ ચુકવી દીધેલ તેમ છતા મહેન્દ્રભાઈએ તે કોરો ચેક પરત કરેલ નથી અને તે ચેક ફરીયાદીએ મેળવી તેઓ દુરઉપયોગ ફરીયાદીએ કરેલ છે.

JMFC MALPUR

(૨) ફરીયાદીએ ઇન્કમ ટેક્સ રીટર્ન ભરેલ હોય તે બાબતનો કોઇ લેખીત આધાર પુરાવો રજુ કરેલ નથી.

(૩) ફરીયાદીએ જે તે સમયે કહેવાતી રકમ આરોપીને આપવા માટે તેમની પાસે આવકના સાધન હતા તેવુ દર્શાવતો કોઇ પુરાવો રજુ રાખેલ નથી.

(૪) તકરારી ચેકની ભરેલ વીગતો અલગ અલગ અક્ષરોમા જણાઇ આવે છે.

(૫) ફરીયાદીએ આરોપીને મોકલેલી નોટીસ આરોપીને બજેલ હોય તે અંગેના કોઇ જ પુરાવા ફરીયાદ પક્ષે રજુ કરવામા આવેલ નથી.

**(૧૬.૦)** બચાવપક્ષે તકરાર લીધેલ છે કે,તકરારી ચેકમાં સહી અને બીજી વિગતો અલગ અલગ અક્ષરોમાં જણાઈ આવે છે. આમ, આવો બચાવ લઈ આરોપી જણાવે છે કે તકરારી ચેકમાં આરોપીની ફક્ત સહી જ હતી. આમ આવો બચાવ ધ્યાને લેતાં જ્યારે તકરારી ચેકમાં આરોપી તેઓની સહી હોવાનું કબુલ મંજુર રાખે છે તેવા સંજોગોમાં ચેકનાં બોડી રાઈટીંગ બાબતે લીધેલ બચાવ યોગ્ય અને કાયદેસરનો ગણી શકાય નહીં. **સદર બાબતે એન. આઈ. એક્ટની કલમ ૨૦, ૮૭ તથા (૧) નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૦૯(૩) જી. એલ. એચ. ૭૨ હિતેનભાઈ પારેખ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, (૨) નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૨૦૧૯ (૪) એસ.સી.સી. ૧૯૭ બિરસીંગ વિરૂદ્ધ મુકેશ કુમાર, (૩) નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો મેસર્સ કલામણી ટેક્સ. એન્ડ અનધર વિરૂદ્ધ પી. બાલાસુબ્રમણીયમ ક્રિમીનલ અપીલ નં.૧૨૩/૨૦૨૧ (ડીસાઈડેડ ઓન ડેટ ૧૦/૦૨/૨૦૨૧)** ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીપક્ષે ચેકનાં બોડી રાઈટીંગ બાબતે લીધેલો બચાવ કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય અને પુરતો ગણી શકાય નહી તેવુ આ અદાલતનું

JMFC MALPUR

માનવુ છે. વધુમા સદર કામે તકરારી ચેકમાં સહી બાબતે કે તકરારી ચેક તેઓનો ન હોવા બાબતે આરોપીપક્ષે કોઈ તકરાર નથી તેમજ તકરારી ચેક ફરીયાદી પાસે હસ્તાંતર થવા બાબતે કોઈ સ્પષ્ટતા આરોપી કરી શકેલ નથી. તેવા સંજોગોમાં **નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો એમ. અબ્બાસ હાજી વિરૂધ્ધ ટી.એન. ચેન્નાકેસવા** નાં કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી જોતા આરોપીપક્ષે લીધેલ બચાવ માની શકાય તેમ નથી.

**(૧૭.૦)** વધુમા આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ છે કે તેઓને ફરીયાદીએ મોકલાવેલ નોટીસ બજેલ નથી, ફરીયાદી પક્ષે આરોપીને નોટીસ બજેલ હોય તે અંગેનો એકનોલેજમેન્ટ રજુ કરવામા આવેલ નથી. સદર બચાવ બાબતે ફરીયાદીનુ કહેવુ છે કે તેઓએ આરોપીને ખરા સરનામે નોટીસ મોકલાવેલી છે.અને આંક:૨૧ થી ટ્રકિંગ રીપોર્ટ રજુ રાખેલ છે તે મુજબ આરોપીને નોટીસની બજવણી થયેલ છે. સદર મુદ્દા બાબતે વિશ્લેષણ કરીએ તો આંક – ૧૯ વાળી નોટીસ, આંક– ૨૦ વાળી પાવતી ધ્યાને લેતા તેમજ આંક – ૨૧ વાળો ટ્રેકીંગ રીપોર્ટ ધ્યાને લેતા ફરીયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ મોકલાવેલ છે અને આરોપીને બજેલ છે તેવુ માની શકાય તેમ છે.હવે જો આરોપી એવુ કહેતા હોય કે ફરીયાદીએ મોકલાવેલી નોટીસ તેઓના ખરા સરનામે મોકલાવેલ નથી કે બજેલ નથી તો તે બાબત આરોપીએ યોગ્ય તે લેખિત અને દસ્તાવેજી પુરાવા ધ્વારા પુરવાર કરવી પડે એટલે કે તેવો પુરાવાનો બોજો આરોપી ઉપર છે, ફક્ત ઈનકારીયત સ્વરૂપનો બચાવ લેવાથી માની શકાય નહી. સદર મુદ્દા બાબતે **જનરલ કલોઝીઝ એકટની કલમ ૨૭, નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો, ૨૦૦૭ લો સ્યુટ (એસ.સી.) ૭૦૫, સી. સી. અલ્વીહાજી વિરૂધ્ધ પાલાપેટ્ટી મોહંમદ તથા ૧૯૯૯(૦) જી.એલ.એચ.ઈ.એલ. – એસ.સી.૧૩૨૧૬ કે. ભાસ્કરન વિરૂધ્ધ શંકરન વૈધ્યન બાલન** ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા



JMFC MALPUR

આરોપીપક્ષનો નોટીસ ન બજવા બાબતનો બચાવ માનવા પાત્ર નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કામે ફરીયાદીએ મોકલેલ નોટીસ આરોપીને બજી ગયેલ છે જે નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી. આમ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને રાખી જોતા જો આરોપી હાલના કેસના કામે લીધેલ બચાવ બાબતે સ્પષ્ટ હતા તો તેઓએ કાયદેસરની નોટીસનો તેમના બચાવ મુજબનો જવાબ આપી પ્રથમથી જ બચાવ રજુ કરી શક્યા હોત પરંતુ તેઓએ ફરીયાદીની કાયદેસરની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તે બાબત **નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો CRI.M.A. NO. 17933/2023 (25/10/2023) અજીતસિંહ ચેહુજી રાઠોડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનુ અનુમાન કરવાનુ કારણ છે.

**(૧૮.૦)** સદર કામે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન બચાવ લીધેલ છે કે, આરોપીએ કહેવાતી હાથ ઉછીના લીધેલ રકમ આરોપીએ ક્યારે અને ક્યારે કઈ જગ્યાએ કોની હાજરીમાં ફરીયાદીને ચેક આપેલ ફરીયાદ,નોટીસ સોગંદનામામાં જણાવેલ નથી. સદર બચાવો બાબતે ફરીયાદપક્ષનુ કહેવુ છે કે તકરારી ચેક આરોપીએ કાયદેસરના લેણાની ચુકવણી પેટે આપેલ છે. સદર મુદ્દા બાબતે વિશ્લેષણ કરીએ તો સદર ઉલટતપાસ ધ્યાને લેતા આરોપીપક્ષે તકરારી ચેકમા તેઓની સહી એડમીટ કરેલ છે. તેવા સંજોગોમાં એન.આઈ.એકટની કલમ- ૨૦ તથા ૮૭ તેમજ **નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૦૯(૩)જી.એલ.એચ. હિતેનભાઈ પારેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૯(૪)એસ.સી.સી. ૧૯૭, બિરસિંગ વિ. મુકેશકુમાર** ના ચુકાદાઓમાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા, જ્યારે તકરારી ચેકમા આરોપીએ સહી



JMFC MALPUR

એડમીટ કરેલ છે તેવા સંજોગોમા આ તકરાર ટકવાપાત્ર નથી અને બચાવપક્ષે લીધેલ બચાવ માની શકાય તેમ નથી.

(૧૯.૦) વધુમા આરોપીપક્ષે બચાવ લીધેલ છે કે ફરીયાદીએ ઈન્કમટેક્ષ રીટર્નની કોઈ નકલ રજુ કરેલ નથી કે કહેવાતી રકમ આરોપીને આપવા માટેના આવકના સ્ત્રોત અંગેનો પુરાવો રજુ રાખેલ નથી. સદર બચાવ બાબતે ફરીયાદપક્ષનુ કહેવુ છે કે અમોએ આરોપીને હાથ ઉછીની રકમ આપેલી અને તેની ચુકવણી પેટે હાલનો ચેક આપેલો છે. સદર મુદ્દા બાબતે ચર્ચા કરીએ તો આરોપીપક્ષ કાયદેસરના લેણાં બાબતનાં એન.આઈ. એક્ટની કલમ ૧૩૯ મુજબના ફરીયાદી તરફેના કાયદેસરના અનુમાનનુ ખંડન કરી શકેલ નથી. તેવા સંજોગોમાં કાયદેસરના લેણા બાબતેનુ અનુમાન ફરીયાદી તરફે અસ્તિત્વમાં રહેતુ હોય છે અને તેવા સંજોગોમાં ક્રિમીનલ અપીલ નં. ૧૩૨/૨૦૨૦ (એસ.સી.) ડી. કે. ચંડેલ વિરુધ્ધ મેસર્સ વોકહાર્ટ લીમીટેડ અને બીજાઓ ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા એકાઉન્ટ બુક, ચોપડા, કેસબુક વિગેરે દસ્તાવેજો આવા તબકકે ફરીયાદીએ એન.આઈ. એકટના કેસ માટે રજુ રાખવા જરુરી નથી તેવા સિધ્ધાંત ધ્યાને રાખી જોતા આરોપીપક્ષનો આવો બચાવ માનવા પાત્ર નથી. વળી, નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ક્રિમીનલ અપીલ નં. ૩૮૫૮/૨૦૧૯ પવન દિલીપરાવ ડાઈક વિરુધ્ધ વિશાલ નરેન્દ્રભાઈ પરમાર ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાને રાખી જોતા ફરીયાદી પર પુરાવાનુ ભારે બર્ડન મુકી શકાય નહી તેવો સિધ્ધાંત ધ્યાને રાખી જોતા ફરીયાદીએ એકાઉન્ટ બુક, ચોપડા વિગેરે રજુ કરેલ નથી તેટલા માત્રથી કાયદેસરનુ લેણુ નથી તેવુ માની શકાય નહી તેવુ આ

JMFC MALPUR

અદાલતનુ નમ્રપણે માનવુ છે. વધુમાં ફરીયાદપક્ષે તેમની દલીલમાં જણાવેલ નામાદર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૧૯(૩) ડી. સી. આર. ૩૫૮ રાગીણી ગુપ્તા વિરુધ્ધ પિયુષ દત્ત શર્મા નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી ધ્વારા આવકવેરા રીટર્ન ફાઈલ ન કર્યા હોય કે આવકનો સ્ત્રોત ન જણાવેલ હોય તો તે બાબત ફરીયાદપક્ષ માટે ઘાતક નથી.

**(૨૦.૦)** વધુમાં આરોપીપક્ષે બચાવ લેવામા આવેલ છે કે ફરીયાદીએ આરોપીને આપેલ કાયદેસરની નોટીસમાં ફરીયાદીની સહી નથી. સદર બાબતે આંક – ૧૯ થી રજુ નોટીસ ધ્યાને લેતા તેમાં ફરીયાદીની કોઈ સહી થયેલ નથી પરંતુ, તેમના વકીલશ્રીની સહી થયેલ છે તે ધ્યાને લેતા ફરીયાદીએ સહી કરેલ નથી તેટલા માત્રથી આપેલી નોટીસ કાયદેસરની જોગવાઈઓ મુજબ આપેલ નથી તેવુ માની શકાય તેમ નથી.

**(૨૧.૦)** વધુમાં, આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ છે કે સદરહુ તકરારી ચેક આંક: ૪૩ વાળા સાહેદની જુબાની મુજબ સને ૨૦૧૩,૨૦૧૫,૨૦૧૬,૨૦૧૭ માં ઈસ્યુ કરવામા આવેલ હોય તેનો દુરઉપયોગ કરવામા આવેલ હોય સદરહું સમયમર્યાદા બહારનું હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં, બચાવ લીધેલ છે કે, આરોપીએ મહેન્દ્રભાઇ પાસેથી ૨૦,૦૦૦/– સને ૨૦૧૫ માં ૫ ટકાના વ્યાજે લીધેલા અને મહેન્દ્રભાઇ પટેલે આરોપી પાસેથી માત્ર સહી કરેલો કોરો ચેક લીધેલ ત્યારબાદ આરોપીએ મહેન્દ્રભાઈને તે રકમ ચુકવી દીધેલ તેમ છતા મહેન્દ્રભાઇએ તે કોરો ચેક પરત કરેલ નથી અને તે ચેક ફરીયાદીએ મેળવી તેઓ દુરઉપયોગ ફરીયાદીએ કરેલ છે.



JMFC MALPUR

આમ, ફરીયાદીએ આરોપીના ચેકનો ખોટી રીતે દુરઉપયોગ કરેલ છે. આવા બચાવ બાબતે ફરીયાદપક્ષનુ કહેવુ છે કે આરોપીએ આવો બચાવ ફક્ત મૌખિક લીધેલ છે અને આ બાબતે કોઈ પોલીસ ફરીયાદ પણ કરેલ નથી. આરોપીનો આવો બચાવ ફક્ત ઈન્કારીયત સ્વરૂપનો છે. સદર મુદ્દા બાબતે વિશ્લેષણ કરીએ તો જો આરોપી એમ બચાવ લેતા હોય કે તકરારી ચેકનો દુરઉપયોગ કરેલ છે અને જો ખરેખર તેમના કહેવા મુજબ તેવુ બનેલ હોય તો તેઓએ તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવેલ હોય, કોઈ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય અથવા બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોય તેવુ પણ કાંઈ રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમાં તેઓએ લીધેલ આવો બચાવ ફક્ત ઈન્કારીયત સ્વરૂપનો છે તેથી ફરીયાદી તરફના કાયદેસરના લેણા બાબતના અનુમાનને ખંડન કરવા યોગ્ય, પુરતો અને સંતોષકારક ગણી શકાય નહી તેવુ આ અદાલતનુ માનવુ છે. આમ, જ્યારે આરોપીપક્ષ તેઓનો ચેક ફરીયાદી પાસે હસ્તાંતર થવા બાબતે યોગ્ય અને માનવા લાયક પુરાવો રજુ કરી શકતા નથી તેવા સંજોગોમાં તકરારી ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ છે તેવુ અનુમાન કરવાનુ થાય છે. સદર મુદ્દા બાબતે **ક્રિમીનલ અપીલ નં.૬૬૪/૨૦૧૨ ( એસ.સી.) એમ. અબ્બાસહાજી વિરૂધ્ધ ટી.એન. ચેન્નાકેસવાન** ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા ચેકનુ હસ્તાંતર કેવી રીતે થયુ તે આરોપીએ સંતોષકારક પુરવાર કરવુ પડે તેના અભાવે અન્ય લીધેલ બચાવ મહત્વનો ગણી શકાય નહી. વધુમાં આંક-૪૩ વાળા સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેઓએ જણાવેલ છે કે,ચેકબુક ઈસ્યુ થયા બાદ તે ચેક ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય, નોન સીટીએસ ચેક સને ૨૦૨૦ સુધી અમલમાં હતો, નોનસીટીએસ ચેક રદ થયા બાદ જો તે ભરવામાં આવે તો તેમાં રીર્ટન થવાના કારણોમાં નોનયુઝેબલ ચેકના શેરા સાથે પરત થાય છે. જે ધ્યાને લેતા સદરહુ ચેક સમયમર્યાદા બહાર રજુ કરવામા આવેલાનો બચાવ પણ માનવાપાત્ર રહેતો નથી. આ સિવાય પણ



JMFC MALPUR

આરોપીપક્ષે ઉલટતપાસમાં તેમજ દલીલમાં અન્ય બચાવ લીધેલ છે પરંતુ આવા બચાવ ટકવાપાત્ર ન હોય જેથી આવા તમામ બચાવની વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ નથી.

**(૨૨.૦)** આમ, ફરીયાદીને આંક: ૧૬ વાળો ચેક કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપેલો હોવાનું પુરવાર થાય છે. જે આ અંગે જોતાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં **Bir Singh vs. Mukesh Kumar AIR 2019 SC 2446** જજમેન્ટ વંચાણે લઇએ તો નીચે મુજબ છે.

37. A meaningful reading of the provisions of the Negotiabl Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability.** It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a **signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque.** The onus would still be on the Accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

39. **Even a blank cheque leaf, voluntarily signed and handed over by the Accused, which is towards some payment, would attract presumption**

JMFC MALPUR

**<u>Under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt</u>.**

40. The fact that the Appellant-complainant might have been an Income Tax practitioner conversant with knowledge of law does not make any difference to the law relating to the dishonour of a cheque. The fact that the loan may not have been advanced by a cheque or demand draft or a receipt might not have been obtained would make no difference. In this context, it would, perhaps, not be out of context to note that the fact that the Respondent-Accused should have given or signed blank cheque to the Appellant-complainant, as claimed by the Respondent-Accused, shows that initially there was mutual trust and faith between them.

41. In the absence of any finding that the cheque in question was not signed by the Respondent-Accused or not voluntarily made over to the payee and in the absence of any evidence with regard to the circumstances in which a blank signed cheque had been given to the Appellant-complainant, it may reasonably be presumed that the cheque was filled in by the Appellant-complainant being the payee in the presence of the Respondent-Accused being the drawer, at his request and/or with his acquiescence. **<u>The subsequent filling in of an unfilled signed cheque is not an alteration. There was no change in the amount of the cheque, its date or the name of the payee</u>**. The High Court ought not to have acquitted the Respondent-Accused of the charge Under Section 138 of the Negotiable Instruments Act.

JMFC MALPUR

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના **Rajesh Jain Versus Ajay Singh 2023 (10) SCC 148** ના જજમેન્ટ વંચાણે લઈએ તો નીચે મુજબ છે.

<u>Burden of Proof and Presumptions: Conceptual Underpinnings</u>

